ભગિનીસમાજ પત્રિકામાળા નં. ૧૦૨

આવતી કાલના પ્રશ્નો

લેખક:—દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભગિની સમાજ જ્ઞાન મંદિર,
સૅન્ડહર્સ્ટ રોડ, ગિરગામ,
મુંબઈ.

સંવત ૧૯૮૧

તા. ૧૨ મી ઑક્ટોબર ૧૯૨૫

આવતી કાલના પ્રશ્નો

દુનિયા આગળ આજના સવાલો એટલા બધા વિકટ થઇ પડયા છે કે કેટલાક જરૂર કહેશે કે 'આજનું મોત આજે મરી લઇએ, આવતી કાલ ઉગશે ત્યારે ત્યારનું જોઇશું.' છતાં એવા લોકો પણ જરાક શાંત થઇને વિચારતાં જોશે કે માણસ જીવે છે તે આવતી કાલની જ આશાએ. આવતી કાલનું આકર્ષણ ન હોત, આવતી કાલનું આશ્વાસન ન હોત, તો કેટલાયે લોકોએ આજે જ જીવવાની ના પાડી હોત. એક રીતે એમ પણ કહી શકાય કે જે વ્યક્તિ અને જાતિ આવતી કાલના પ્રશ્નોનો વિચાર કરી રાખે છે તે જ આજે ફાવે છે.

આવતી કાલના પ્રશ્નોનો વિચાર કરવા માટે એક જાતનું યૌવન અથવા તારુણ્ય જોઇએ છે. તરંગી બાળકો અને આદર્શદર્શી યુવાનો આવતી કાલનો વિચાર કરે છે. મહત્ત્વાકાંક્ષી અને વ્યવહારકુશળ આધેડ વયના લોકો આજના સવાલોમાં જ રચ્યાપચ્યા રહે છે. જ્યારે થાકી ગએલા ઇતિહાસપરાયણ ઘરડા લોકો ગઇ કાલના સવાલો ચૂંથ્યાં કરે છે. આપણી ધાર્મિક ચર્ચાઓ, નાતજાતના ઝગડાઓ અને કુટુંબાભિમાન પાછળ ઘણીવાર ગઇકાલના સવાલો જ હોય છે. એક વખતે ભારે પ્રતિષ્ઠા ભોગવતી અને આજે પછાત જેવી દશામાં પડેલી કેટલીક કોમો પણ ગઇકાલના સવાલોમાં જ રચીપચી દેખાય છે, અને દહાડેદહાડે તેમનો જીવનકલહ વધારે ને વધારે કપરો થતો જાય છે. ભૂતકાળ જાણવો એ જરૂરનું છે, કેમકે ભૂતકાળમાં

આપણી મૂડી સમાએલી છે; ભૂતકાળ પાસેથી આપણને પ્રેરણા મળે છે. પણ ભૂતકાળ વાગોળ્યે દહાડો વળવાનો નથી. ભૂતકાળને આદરપૂર્વક દફનાવતાં આપણને આવડવું જોઈએ. વર્તમાનકાળને ઓળખવો એ અપરિહાર્ય છે કેમકે આપણી હસ્તી જ વર્તમાનકાળમાં છે. પણ આપણા પુરુષાર્થની દિશા નક્કી કરવા ખાતર આપણે આવતી કાલનું જ દર્શન કરવું ઘટે છે. આવતી કાલનું દર્શન ન કરી શકીએ તો આપણું આખું જીવન અર્થશૂન્ય થઇ પડવાનું. જો આપણે આવતી કાલને આવકાર ન આપીએ તો મૂઝવણ, અવ્યવસ્થા અને પરાધીનતા એ ત્રણે વસ્તુ આપણને વળગેલી જ છે.

પણ આવતી કાલના પ્રશ્નો એટલે શું? આજના પ્રશ્નોનો ઉકેલ આવ્યા પછી ઊઠનારા પ્રશ્નો, એ એક જવાબ છે. અથવા તો જે સવાલોનો આજે ઉકેલ આણવો અશક્ય થઇ પડયો છે અને તેથી જે આવતી કાલ ઉપર મૂકવા પડયા છે તે પ્રશ્નો, એવો પણ અર્થ થઇ શકે છે. ત્રીજી રીતે વિચારતાં, જે પ્રશ્નો આજે ઊઠતા જ નથી પણ આગળ જતાં ઊઠયા વગર રહેવાના નથી એવા સ્વાભાવિક પ્રશ્નો, એવો પણ અર્થ લઈ શકાય.

આવતી કાલના પ્રશ્નો એ વિષય ખાસ કરીને સમાજશાસ્ત્રનો છે, એટલે કે એમાં વ્યાપક અર્થમાં ધર્મના સવાલોયે આવે, રાજકારણનાયે આવે, આર્થિક અને સામાજિક પણ આવે, અને કેળવણી અને લોકશિક્ષણના પણ આવે. આખી દુનિયામાં માણસજાતની શી સ્થિતિ છે, મહાપ્રજાઓ વચ્ચે કેવો સંબંધ બંધાતો જાય છે, નૈતિક અને બૌદ્ધિક ઉન્નતિમાં માણસે કેટલી પ્રગતિ કરી છે, કુદરતની મદદ માણસ કેટલે દરજ્જે લઈ શક્યો છે અથવા એની સામે કેટલો દ્રોહ કરી રહ્યો છે, અને

આગળ જતાં દુનિયા કેવું સ્વરૂપ પકડનાર છે, એ બધી વસ્તુઓનો વિચાર કર્યા પછી જ આવતી કાલના પ્રશ્નોનું સ્વરૂપ નક્કી થઈ શકે એમ છે અને ત્યારપછી જ એ પ્રશ્નોનો ઉકેલ આપણને સૂઝવાનો છે.

કેટલાક સવાલો તો આવતી કાલની રાહ ન જુએ એવા આકરા છે. દાખલા તરીકે દેશનો ભૂખમરો ટાળવાનો ઉપાય, અસ્પૃશ્યતાનિવારણ, કેળવણીનો ફેલાવો, કોમી સંપ અથવા સમાધાની, અને વેઠનો બંધી. સ્ત્રીકેળવણીનો વિષય મેં આમાં જાણીજોઈને નથી ઉમેર્યો, એનું કારણ આગળ કહીશ.

અત્યાર સુધીનો આપણો એટલે કે દુનિયાનો સુધારો તપાસીએ તો દરેક સારી કે ખરાબ વસ્તુનો પ્રચાર બાહ્ય નિયંત્રણથી જ થયો છે — પછી તે સામ્રાજ્યનો વિસ્તાર હોય કે ધર્મનો પ્રચાર. જોહુકમી રાજાની લોહીતરસી તલવારથી માંડીને પીનલ કોડની કલમો સુધી જ્યાં જુઓ ત્યાં બાહ્ય નિયંત્રણ છે. દરેક ધર્મના સિદ્ધાંતો જુઓ, કેટલા ઉદાર અને આત્મલક્ષી! પણ તે તે ધર્મના સંઘોના નિયમો જુઓ, ધર્મમાં આવનાર લોકોને માટે લાલચ, ધર્મબાહ્ય લોકોને માટે ધિક્કાર, અને ધર્મ છોડીને જનારને માટે બીક ડગલે ને પગલે બતાવવામાં આવે છે. લશ્કરમાં જેમ આજ્ઞાનું શારીરિક પાલન આવશ્યક ગણાય છે તેમ ધર્મમાં પણ બન્યું છે.

અને આપણો સામાજિક વિવેક કઈ રીતે ટકે છે? તેની અંતઃસ્થ સુંદરતાને લીધે કે સામાજિક નિંદાસ્તુતિને લીધે? રજાનો દરેક રવિવાર બતાવે છે કે છ દિવસનું આપણું જીવન આપણે માટે સ્વાભાવિક નથી થયું. ઈજીપ્તની પિરામીડો, આગ્રાનો તાજમહાલ, વિજયનગરનાં મંદિરો અને યુરોપનાં

કૅથીડ્રલો કળાના ગમે તેટલા સુંદર નમૂના હોય, પણ તેની પાછળ અસંખ્ય ગરીબોની હાય છે. જીવતાજાગતા લાખો માણસોનું વ્યક્તિત્વ દબાવીને જ એ વસ્તુઓ ઉભી થઇ છે. મજૂરોના પરસેવા ઉપર આળસમાં જીવનાર લોકો ભલે આ કળામાં આત્મવિકાસ જુએ, પણ આ બધી ઇમારતોના પાયામાં માનવી આત્મા કચરાએલો જ સ્પષ્ટ દેખાય છે. અનેક કુટુંબોનો નાશ, નીતિનું સત્યાનાશ અને બંધુત્વનું ખૂન કર્યા પછી જ આ વસ્તુઓ ઊભી થઇ છે. એક ભોળા ભગતે તરતા તરતા નદીને સામે કાંઠે જઇ ત્યાંથી રોજ રોજ પથ્થર સારી આણીને બાંધેલું દેવળ એ જ મારી દૃષ્ટિએ નિર્દોષ સાત્વિક કળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. અને એ જ ધર્મનું ધામ કહેવાય.

લશ્કરમાં જુઓ, લશ્કરનું કૌવત એની તાબેદારીમાં હોય છે. અને તાબેદારી (ડિસિપ્લીન) એટલે શું? હૃદયની એકતા? ના. એ તો આવતી કાલની વ્યાખ્યા છે. લશ્કરમાં એક 'હેડ' હોય છે, બાકી બધા 'હૅન્ડ્ઝ'. એટલે કે એક માણસની ઇચ્છા અને બુદ્ધિશક્તિ પ્રમાણે બધું કામ ચાલે છે. અને બાકી બધા પોતાનાં 'હેડ'નો ઉપયોગ ન જ કરી શકે. પ્રમુખનું મુખ જ બોલે; બાકી બધા મનુષ્યો હોવા છતાં મૂક. આથી ધાર્યું કામ બહુ જ સુંદર રીતે પાર પડે છે. પણ મનુષ્યજાતિનો આત્મા હણાય છે. આજનો સોલ્જર સાચો ક્ષત્રિય નથી હોતો, કેમકે આત્માનું ગૌરવ તે જાણતો જ નથી. અને સરકારી ખાતાંઓમાં પણ શું? એક બાજુએ વ્યવસ્થામાં કયાંયે છિદ્ર રહેતું નથી, ત્યારે બીજી બાજુએ માણસની માણસાઈ જ હણાય છે. જે જાતિએ નોકરશાહીનો વર્ગ ઉત્પન્ન કર્યો તે જાતિની કાર્યકુશળતા ગમે તેટલી વધે, પણ તેનું તેજ તો લુપ્ત જ થઇ જાય છે. જેઓ વગરવિચાર્યે હુકમ ઉઠાવી શકે છે, માગેલું કામ કરી

ઉત્સાહ વગર પણ નિયમિત આપી શકે છે તેઓ માણસ નથી પણ યંત્ર છે. જાલિમ થતાં તેમને ક્ષોભ થતો નથી, ગુલામ થતાં શરમ આવતી નથી. આખી દુનિયાનો ઇતિહાસ તપાસીએ તો એમ જ જણાય છે કે માણસે સુધારા પાછળ દોડતાં સ્વતંત્રતાનો મિજાજ કેળવવાને બદલે ખોયો જ છે.

આપણા ધર્મના અને સંપ્રદાયના નિયમો જુઓ. તેમાં પણ પૂર્વાચાર્યોએ લોકોની બુદ્ધિ અને ભાવનાઓ કેળવવા જેટલી ધીરજ હમેશાં બતાવી નથી. તેથી ફક્ત બાહ્ય નિયમોના પાલનથી જ આપણે સંતુષ્ટ રહ્યા છીએ અને ધર્મના જેવી જલદ અને ઊંડી શક્તિથી પણ પ્રજા અસ્પૃષ્ટ જ રહી છે. સામાજિક નીતિએ મોટેભાગે બાહ્ય વિવેકનું જ સ્વરૂપ પકડ્યું છે અને બધે દંભનું જ સામ્રાજ્ય ચાલે છે. કંઇક આશા હોય તો કૌટુંબિક જીવનમાં છે. પણ ત્યાં પણ ઘરની અંદરનાં તાળાંકૂંચીઓ શું સૂચવે છે? સગાંસબંધીઓ વચ્ચે સ્ટૅંપ ઉપર થતા કરારો શું સૂચવે છે? સ્ત્રીપુરુષ વચ્ચેના વિવેકના નિયમો શું સૂચવે છે? એટલું જ કે માણસની હજી નૈતિક ઉન્નતિ થઈ નથી. તેથી જ બાહ્ય નિયંત્રણ આવશ્યક થઇ પડ્યું છે અને એ નિયંત્રણની મદદથી જ આપણું ગાડું ચાલી શકે એમ છે.

આપણી આખી સામાજિક વ્યવસ્થા અને આર્થિક આયોજના જુઓ. ગરીબોની મહેનત ઉપર પૈસાદારો જીવે છે અને કળા અને સંસ્કૃતિ કેળવે છે. બિચારા ગરીબોને એમાંથી કશું મળતું નથી. અભણ લોકોના અજ્ઞાન ઉપર વિદ્વાનો પોતાની પ્રતિષ્ઠા જમાવે છે, અને સૈકાઓ વીત્યા છતાં બિચારા અભણો અભણ જ રહ્યા છે. 'विदुषां जीवनं मूर्खाः' એ આપણે તો સમાજશાસ્ત્રનું સૂત્ર જ કરી નાખ્યું છે. આપણી સામાજિક

માન્યતાઓ, આપણા રિવાજો અને કાયદાઓ ગરીબોની દાઝ બહુ જ ઓછી બતાવે છે. 'दया धरमका मूल है' એ વચન થોડાક ભીખારીઓને અથવા અપંગ આંધળાંઓને અને વિધવાઓને ખવડાવવા પૂરતું જ જાગૃત રહ્યું છે. તેથી બુદ્ધિશક્તિ અનંત રીતે ખીલવીને, વ્યવસ્થાશક્તિ અણીશુદ્ધ કરીને આખી દુનિયાએ જે ભારે સંસ્કૃતિ ઊભી કરી છે તે નીતિ વગરની એટલે કે પાયા વગરની થઇ પડી છે આસુરી સંસ્કૃતિને હમેશાં દસ માથાના રાવણુ ની જરૂર નથી હોતી.

છતાં આજની સ્થિતિ સાવ નિરાશાજનક નથી. બાહ્ય નિયંત્રણ પણ ટકે છે શેના આધારે? એની પાછળ કંઇક નીતિતત્ત્વ તો રહેલું જ છે. સામાજિક દબાણથી ભલે લોકો નીતિનું પાલન કરતા હોય, પણ એ સામાજિક દબાણ પાછળ સુદ્ધાં નીતિનું જ સામ્રાજ્ય રહેલું છે. છતાં જે વસ્તુ સુપ્ત છે તે પ્રગટ થવાની જરૂર છે, કેમકે હવે સામાજિક આત્માં જાગૃત કરવાનો વખત આવી પહોંચ્યો છે.

આવતી કાલના પ્રશ્નો અનન્ત છે, કેમકે માણસનું જીવન વિવિધ છે. પણ એ બધા સવાલો પાછળ એક જ વસ્તુ મુખ્ય છે કે માણસના વિકાસમાં આત્માને કેટલું સ્થાન મળવાનું છે? બાહ્ય નિયંત્રણથી કાર્યકુશળતા ભલે વધે, પણ તેથી માણસનું કુશળ થશે જ એવી ખાતરી નથી. એને માટે તો માણસ માત્રની બુદ્ધિનો વિકાસ થવો જોઇએ, માણસના હૃદયનો વિકાસ થવો જોઇએ, માણસની સમજશક્તિનો વિકાસ થવો જોઇએ, અને નીતિયુક્ત સહકાર કરવાની આવડત વધવી જોઇએ. આજે બાહ્ય નિયંત્રણથી સ્વાર્થ પૂરતો અથવા તો બીકને લીધે સહકાર કરવો પડે છે તે અસહાય સહકાર છે. એને ઠેકાણે પ્રેમાદરનો,

સેવાભાવનો જીવનવ્યાપી સહકાર દાખલ થવો જોઇએ. તે થાય ત્યારે જ માણસજાત સુધરી કહેવાય, અને 'धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा' એ સૂત્ર કૃતાર્થ થાય.

આવો ફેરફાર, આવડી મહાન ક્રાન્તિ આપણે કઇ રીતે કરી શકીએ? આપણે અ૫ણાં સાધનમાં ફેરફાર કરવો જોઇએ. અત્યાર સુધી આપણે જેટલું કર્યું છે તે બધું કાયદાથી કર્યું છે — પછી તે કાયદો સરકારનો હોય, સમાજનો હોય કે ધર્માચાર્યોનો હોય. આપણે હવે કાયદા પરનો વિશ્વાસ છોડી દઇ કેળવણી દ્વારા કામ લેવું રહ્યું. કાયદાનો માર્ગ સહેલો છે, જંગલી છે, અને અંતે વ્યર્થ છે. કેળવણીનો માર્ગ ધીમો છે, ધીરજનો છે, સંસ્કારી છે, અને અંતે સમર્થ છે. અને તે કેળવણી કેવી? યુનિવર્સિટી દ્વારા 'ફ્રુ ફંડ' કહેલી 'ચેઅર્સ' દ્વારા આપેલી નહિ. દેશભર ચોપાનિયાંનાં પૂર વહાવી મેલીને દેખાડેલી નહિ. તેમજ રજાના દિવસોમાં ગોઠવેલી વ્યાખ્યાનમાળાઓથી અપેક્ષેલી પણ નહિ. કેળવણી એ દિવ્ય વસ્તુ છે. એનો પ્રચાર પેગંબરોના ઉત્સાહથી જ થઇ શકે છે. એની પાછળ જીવનસર્વસ્વ રેડેલું હોય, એની પાછળ આત્મબલિદાન હોય.

અત્યાર સુધી દુનિયાએ ઓછું બલિદાન આપ્યું નથી. પણ તે આત્મબલિદાન ન હતું. પશુના બલિદાનથી માણસો વધ્યા. ગરીબોનું બલિદાન આપીને પૈસાદાર લોકો ફાવ્યા. બાળકોનું બલિદાન લઇને થોડા રોગમુક્ત થયા. જાતિઓનું બલિદાન લઇને સામ્રાજ્યો માત્યાં. આપણા ધર્મગ્રંથોએ પણ અનુમોદ્યુ :

> यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा ।
> अतस्त्वां घातयाम्यद्य यस्माद्यज्ञे मतो वधः ॥

માણસ પશુને જુએ કે તરત જ અભિમંત્રે :

पशुस्त्वं बलिरूपेण मम भाग्यादवस्थित: ।

દુર્બળોનો બળિ આપીને આપણે શક્તિ કેળવી છે, વ્યવસ્થા કેળવી છે, સ્વાર્થી દીર્ઘદૃષ્ટિ કેળવી છે, જીવવાની અને જીતવાની કળા મેળવી છે. પણ આપણે આત્મા ખોયો છે. આપણે આત્યંતિક કલ્યાણ ખોયું છે, બંધુતા ખોઈ છે, અને ભારે ભૌતિક ઉત્કર્ષ સાધવા છતાં પરમાત્માની કૃપા ખોઈ છે. આવતી કાલના પ્રશ્નોનો ઉકેલ આણવો હોય, આત્માનું સ્વાતંત્ર્ય સ્થાપવું હોય, માણસજાતને આઝાદ કરવી હોય તો હવે પછી આત્મબલિદાનની શક્તિ કેળવવી જોઈશે. આત્માને જાગૃત કરનાર કેળવણી અને આત્મબલિદાનની શક્તિ એ જ આવતી કાલનાં બારણાં ઉઘાડવાની કૂંચી છે. અત્યાર સુધી આપણે બીજાને સહન કરાવતા આવ્યા છીએ. હવે પછી પડે સહન કરવાનો રસ્તો લેવો જોઈશે. આ રસ્તો પ્રતીપ છે, એટલે વહેતી ધારાથી ઉલટો છે. શરૂઆતમાં એમાં આપણે ફાવવાના નથી. વ્યવહારકુશળ લોકો આપણને હસી કાઢશે, ભૂતકાળનો ઇતિહાસ ટાંકીટાંકીને આપણને બેવકૂફ ઠરાવશે, કંઈ નહિ તો તરંગી તો કહેશે જ. પણ આવી નિષ્ફળતામાંથી જ ભવિષ્યકાળની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. બીજ સડે ત્યારે જ અંકુર ફૂટે. આકાશમાં ઊંચો મિનારો બાંધતા પહેલાં પાયાના ખાડામાં અનેક પથરા નાખવા પડશે. લોકો કહેશે, 'શો અવળો પ્રયત્ન!' છતાં શ્રદ્ધાપૂર્વક, આકાશ તરફ જોયા વગર, પાયામાં કામ કરવું પડશે.

આ ભગીરથ કામ કોણ કરે? આ કામનું મહત્ત્વ અને સ્વરૂપ કોણ સમજી શકે? આ કાર્ય માટે જાણ્યેઅજાણ્યે કોણે

તૈયારી કરી છે ? માણસની દૃષ્ટિમાં ત્રિકાલ જોવાની જેટલી શક્તિ હોય તેટલી જેમની પાસે છે એવા વૈદિક અર્થના કવિઓ જ આ કામ કરી શકે. પણ એવા આજે દુનિયામાં કેટલા છે ? બહુ જ વિરલ. અને તેમને પણ કોઈ સમજતું તો નથી જ. આવડા મોટા વ્યાસ ! પણ તેમને પણ આખરે તાત્કાલિક હારનાં વચન કાઢવાં પડયાં :

ऊर्ध्वबाहुर्विरोम्येष न च कश्चिच्छृणोति मे ।

આજે પણ શું એવી જ દશા નથી ? ના એ ભવિષ્ય માટે પરિસ્થિતિની કઠોર નિશાળમાં કેળવાએલો એક વર્ગ છે. આજે લોકો તેને અબળા તરીકે ઓળખે છે. પણ જ્યારે એમનો વખત આવશે ત્યારે દુનિયા જોશે કે આજની અબળા એ આવતી કાલની શક્તિસ્વરૂપિણી છે. સહન કરીકરીને તેણે સહાનુભૂતિ કેળવી છે. જીવનકલહમાંથી અમુક દરજ્જે મુક્ત રહી તેણે ભાવનાઓનો વિકાસ કર્યો છે. નમ્ર થઈ સામ્રાજ્ય ભોગવવાની કળા તેને લાધી છે. આવતી કાલ તેની છે.

પણ સ્ત્રીઓની તપશ્ચર્યા અધૂરી છે. દૃષ્ટિ સંકુચિત, પ્રેમસંબંધનું ક્ષેત્ર સંકુચિત, અમુક રીતે જીવન પરાધીન, અને અતિ સહન કરવું પડયાથી વૃત્તિઓ કંઈક વિકૃત—એ વસ્તુસ્થિતિ તરફ આંધળા રહ્યું પાલવે એમ નથી. માતા તરીકે સ્ત્રીનું સ્થાન કેળવણીકારના જેવું છે. તે સ્થાનમાં તેઓ આજે દીપી નીકળતાં નથી. ભગિની તરીકે ભાઈઓમાં કોમળ તેજસ્વિતા અને પવિત્ર નિષ્ઠા કેળવવાનું કામ હજી તેઓએ હાથમાં લીધું નથી. સ્ત્રી તરીકે સહધર્મિણીને સ્થાને તેઓ વિરાજ્યાં નથી. અને કન્યા તરીકે તેમના મારફતે પરમમંગલા ચિત્સ્વરૂપિણી આદિશક્તિનું આપણને દર્શન થતું નથી. એ બધું કરવા માટે

એમને નવી દીક્ષા મળવી જોઈશે. એ દીક્ષા વગરની આજની કેળવણી તેમને તેમના આદર્શથી દૂરદૂર લઈ જશે. તેઓ પોતે દીક્ષા લે અને દુનિયાને શીતળ ત્યાગનો, ઉલ્લાસયુક્ત આત્મબલિદાનનો પાઠ ભણાવે ત્યારે જ આવતી કાલની તૈયારી થશે.

આજ અને આવતી કાલ વચ્ચે સમયનું અંતર નથી, પણ પ્રયત્નનું અંતર છે. શ્રદ્ધાનું અંતર છે વાવણી વગર લણણીની મોસમ ન આવે તેમ આજના પ્રયત્ન વગર આવતી કાલ ઊગે નહિ. જોઈએ છે શ્રદ્ધા, જોઈએ છે દિવ્ય ભવિષ્યકાળ જોવાની દૃષ્ટિ. જોઈએ છે ભૂતકાળના નિરાશ અનુભવ તરફ આંધળાપણું અને બેદરકારી. ઈશ્વરભક્તિ, આત્મનિષ્ઠા અને પવિત્રતાની ચાહ વગર આ વસ્તુઓ આવવાની નથી. જગન્માતાની પ્રાર્થના કરી આ ત્રણે વસ્તુ મેળવવાનો આપણે પ્રયત્ન કરીએ.

ઉપરનો નિબંધ વંચાયા પછી કેટલાક સવાલજવાબ થયા હતા. તેનો ટૂંકો સાર નીચે પ્રમાણે છે:

સ૦—આજન્મ બ્રહ્મચારિણીનો વર્ગ સમાજમાં પેદા થાય એ ઇષ્ટ માનો છો કે નહિ?

જ૦— બ્રહ્મચર્ય ઉપર ધર્મનો આધાર છે. એટલે પુરુષ અને સ્ત્રી બંને જેટલે દરજ્જે સ્વેચ્છાપૂર્વક બ્રહ્મચર્યની દીક્ષા લે તેટલે દરજ્જે જ દેશમાં ધર્મનો ઉદય થવાનો છે. માત્ર ગૃહસ્થાશ્રમની ઉપાધિથી કંટાળીને અથવા પોતાના મોજશોખ ઓછા ન થાય એટલા માટે કોઈ બ્રહ્મચારી રહે તો તે બ્રહ્મચર્ય નથી. સમાજસેવા, જ્ઞાનનો પ્રચાર અથવા જ્ઞાનની શોધ વગેરે કોઈ દિવ્ય વસ્તુને માટે જેને ભેખ લેવો હોય તે તો બ્રહ્મચારી જ રહે. આજે તો ન પરણેલી સ્ત્રીઓ ભાગ્યે જ જોવામાં આવે છે. અને

૧૨૫૮૧

પુરુષોમાં પણ ન પરણનાર ઓછા હોય છે. આપણે બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીઓની કદર કૃત્રિમ રીતે વધારી છે. અને તેથી બ્રહ્મચારી રહેવું એ જાણે અતિમાનુષી પરાક્રમ છે એવો ખ્યાલ પેદા કર્યો છે. માણસ બ્રહ્મચારી રહ્યો કે એને ધર્મમૂર્તિ સમજી આપણે પગે લાગીએ છીએ. આને લીધે જ આપણે બ્રહ્મચર્ય દોહ્યલું કરી મૂક્યું છે. બ્રહ્મચર્ય સમાજમાં સ્વાભાવિક અને સાધારણ વસ્તુ થઈ પડે તો જ એની પાછળનાં દંભ અને કૃત્રિમતા ઊડી જાય. બ્રહ્મચર્યનો ઉપદેશ થવો જોઈએ, પણ કૃત્રિમ આગ્રહ ન હોવો જોઈએ. પરણવું કે ન પરણવું એ પુરુષોની તેમજ સ્ત્રીઓની ઇચ્છા પર જ સોંપેલું હોવું જોઈએ.

સ૦—જે માણસ પાસે કોઈ પણ જાતની ખાસ શક્તિ હોય અથવા બુદ્ધિ હોય તો તે બીજાઓને દોરવાનો જ. એમાં ગુલામી ક્યાંથી આવી?

જ૦—દુઃખ તો ત્યાં જ છે. સમાજને દોરવા માટે બુદ્ધિશક્તિ કામની છે ખરી, પણ તે એકલી બસ નથી. જેની નૈતિક ઉન્નતિ થઈ છે તે જ સમાજનો નેતા થઈ શકે. ચારિત્રહીન માણસ જેટલો વધારે બુદ્ધિમાન તેટલો સમાજને સહેલાઈથી અને ઝડપથી ખાડામાં નાખી દેવાનો. આજે બધે એ કારણે જ આટલું દુઃખ ફેલાયું છે. બીજાના વિચાર સમજપૂર્વક અથવા અમુક અંશે શ્રદ્ધાપૂર્વક સ્વીકારી તે પ્રમાણે ચાલવું એમાં ગુલામી નથી. ગુલામી છે બાહ્ય નિયંત્રણમાં. સરકાર, સમાજ અથવા ધર્માચાર્યોની બીકથી માણસ કંઈ પણ કરવા પ્રવૃત્ત થાય તો તેમાં ગુલામી રહેલી છે.

ચારિત્રશીલ માણસ પાસે બુદ્ધિશક્તિ પૂરી ન હોય અને તે સમાજને દોરે તો સમાજનું જરૂર અકલ્યાણ કરે, પણ એ

આત્યંતિક અકલ્યાણ ન હોય. એ નુકસાનમાંથી ઉગરી જતાં મુશ્કેલી નથી નડતી. ચારિત્રહીન પણ બુદ્ધિશાળી માણસ સમાજના હૃદયને બગાડી મૂકે છે. એ તો महती विनष्टिः ।

સo—ત્યારે શું તમે 'ડિસિપ્લિન' જેવી વસ્તુને સ્વીકારતા જ નથી? લશ્કરમાં 'ડિસિપ્લિન' પણ ન હોય?

જoc—આનો જવાબ મારા નિબંધમાં મેં આપ્યો જ છે. 'ડિસિપ્લિન'માં હું માનું છું. 'ડિસિપ્લિન' વગર મહત્કાર્ય થઇ ન શકે. કોક કોકવાર વગર સમજ્યે પણ હુકમ ઊઠાવવા પડે છે. પણ મારી વ્યાખ્યા પ્રમાણે 'ડિસિપ્લિન' એટલે હૃદયની એકતા. એ વ્યાખ્યા આજે સ્વીકારાઇ નથી, માટે જ મેં એને આવતી કાલની વ્યાખ્યા કહી છે. શરીરની ઇંદ્રિયો જેમ મનના તાબામાં રહે છે અને એકબીજા સાથે સહકાર કરે છે તેવી 'ડિસિપ્લિન' હોવી જોઇએ. આપણે સ્વેચ્છાપૂર્વક પસંદ કરેલા સરદારનો હુકમ ઊઠાવવો એમાં ગુલામી નથી, કેમકે અંતે આપણે આપણો જ હુકમ ઊઠાવીએ છીએ.

સo—કેટલીકવાર લોકો ભેગા થઇ પોતે નિયમ કરે છે અને પોતે જ તે તોડે છે. તેવી સ્થિતિમાં શું કરવું?

જo—આપણે સ્વાર્થવશ થઇ અથવા ક્ષણિક ઉત્સાહમાં આવી મોટા પ્રમાણ પર સહકાર કરવા જઇએ છીએ. સ્વદેશીનો પ્રચાર કરવા ખાતર આપણે નાતનાં મહાજનો મારફત કેટલાયે દંડ નક્કી કર્યા હતા. બાહ્ય નિયંત્રણ, અને તે પણ વળી નિર્વાર્ય! તેની અસર થોડી જ સારી થવાની હતી? મારો દીકરો જો એકાદ વ્રત લેવાની વાત કરે તો એને હું એકાએક તેમ કરવા દઉં? એનાં તો હું રગેરગ ઓળખું. એની શક્તિ જોઇને જ હું એને નિયમ કરવા દઉં. આપણે જ્યારે નિયમ

કરીએ છીએ ત્યારે એકબીજાની શક્તિઅશક્તિનો બરાબર વિચાર હોય તો તમે કહો છો તેવો પ્રસંગ ન જ આવે. આજે મીલમાલિકો અને મીલમજૂરો સહકાર કરે છે તે ફક્ત કામ અને પગાર પૂરતો. જૂનાં ખાનદાન કુટુંબોમાં ત્રણ ત્રણ પેઢી કામ કરનાર નોકરો ઘરના જ થઇ જતા. એમનો જીવનવ્યાપી સહકાર થતો. માલિક આડે સસ્તે જાય તો નોકર તેનો ઝાટકણી કાઢતાં અચકાય નહિ. કેમકે ઘરની આબરૂનો સવાલ માલિક જેટલો જ નોકરને પણ પોતાનો લાગતો. આજે જે મોટા પ્રમાણુ ઉપર આપણે સહકાર કરીએ છીએ તેટલા મોટા પ્રમાણુ ઉપર જીવનવ્યાપી સહકાર ન જ કરી શકીએ. હૃદય જેટલું વિશાળ તેટલો જ સહકાર થવો જોઇએ.

સ૦—આત્મિક ઉન્નતિનો આટલો બધો ઉપદેશ થાય છે અને ઘોષ થાય છે, તે અસ્થાને નથી? આત્મિક ઉન્નતિની કદર કરનાર લોકો સમાજમાં હમેશાં બહુ જ થોડા હોય છે. તેઓ ભલે આત્મિક ઉન્નતિને માટે મથ્યાં કરે. આમપ્રજા તો આત્મિક ઉન્નતિ સમજતી જ નથી. એ તો વ્યવહાર જ જાણે.

જ૦—આ સવાલ આજના માણસનો છે. ભવિષ્ય વિષે એ લોકોને શ્રદ્ધા હોતી નથી. તેઓ માને છે કે દુનિયા આવી ને આવી જ રહેવાના છે. તેથી જ મેં કહ્યું કે આત્મિક ઉન્નતિ એ આવતી કાલનો સવાલ થઇ પડયો છે. અને આજની દુનિયામાં જેમના ઉપર કંઈ ભારે જવાબદારી નથી એવા વર્ગ દ્વારા જ — એટલે કે સ્ત્રીઓ, અભણ ખેડૂતો અને પછાત કોમો દ્વારા જ આવતી કાલના સવાલનો ઉકેલ આવવાનો છે. ભણેલા અને સુશિક્ષિત લોકો જ આત્મિક

ઉન્નતિનો પ્રશ્ન સમજી શકે છે એવો આ ભાઈનો ખ્યાલ હોય તો તે ભૂલભરેલો છે. પૈસા અને પાંડિત્યમાં ડૂબેલા લોકો કરતાં સામાન્ય ગરીબ વર્ગના લોકો જ આત્મિક ઉન્નતિ વધારે સમજે છે અને આત્મિક ઉન્નતિ સાધવાની શ્રદ્ધા રાખે છે. આપણા તમામ સાધુસંતોનો એ જ અનુભવ છે. અભણ તેટલા અસંસ્કારી, એમ તો નથી જ. ઇશુ ખ્રિસ્તે પણ અમસ્તું કહ્યું ન હતું કે 'સોયના કાણામાંથી ઊંટ વખતે જાય તો જાય, પણ પૈસાદાર માણસને સ્વર્ગના દ્વારમાંથી પસાર થવું મુશ્કેલ છે.'

સ૦—તાજમહાલ અને વિજયનગરનાં મંદિરો વિષે આવી રીતે વાતો કરી તમે કળાને ઉતારી નથી પાડતા?

જ૦—કળા એ કંઇ મારી દેવી નથી. માણસ માણસાઇ ખોઇને કળા કેળવે તો તે કળા નથી પણ માયાવી રૂપ ધારણ કરનારી રાક્ષસી છે. હું માણસાઇનો ઉપાસક છું, ધર્મનો ઉપાસક છું. સમાજકલ્યાણ મારી દૃષ્ટિએ વધારે મહત્ત્વનું છે. કળા ઉપર મારી શ્રદ્ધા ખૂબ છે. સાચી કળા માણસાઇને ખીલવનાર છે, ધર્મની મદદગાર છે, હૃદયની શુભ લાગણીઓની ઉદ્બોધક છે. કળા માટે કળા, કેવળ કળા, સદાચાર સાથે છૂટાછેડા કરનાર કળા, એ કુલટા છે. કળા એ કારીગરના સમાધાન અને સંતોષમાંથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ. મજૂર સંસ્કારી હોય, એના નિષ્પાપ જીવનમાં એને આનંદ મળતો હોય, પોતે કામ ઉપયોગી ચીજ પેદા કરી સંતુષ્ટ થયો હોય એવે વખતે પોતાનો આનંદ, પોતાનો ઉલ્લાસ જ્યારે એ વસ્તુ પર એ મુદ્રાંકિત કરે ત્યારે તે કળા કહેવાય. નાનપણમાં મારે એક બંદૂક જોઇતી હતી. પિતાશ્રીએ પરવાનો

તો મેળવી રાખ્યો હતો. સાવંતવાડીના એક કારીગર પાસે અમે બંદુક તૈયાર કરાવી. હું રોજ એ કારીગર પાસે જઇને બેસું. એફીટસે એનું કામ નિહાળું. એને કાલાંકાલાં સવાલો પૂછું. આખરે બંદુક તૈયાર થઇ ગઇ. મને તો નિશાન તાકવા જવાની ઉતાવળ હતી. પણ પેલો કારીગર કહે, 'આજનો દિવસ એના પર વેલપત્તી ચીતરી આપું. આવતી કાલે લઇ જજે.' મેં કહ્યું, 'પણ તમે એના વધારે પૈસા લેશોને?' એ કહે, 'અરે, જાઓ જાઓ, તમે આટલા દિવસ મ રે ત્યાં આવીને બેઠા છો. મારા હાથની કારીગરીના જરા સરખી યાદગીરી તમારા હાથમાં રહે તો શું ખોટું?' એણે બંદૂક પર મજાનું ચિત્રામણ કોતરી આપ્યું. એ એનો મારા પ્રત્યેનો સદ્‌ભાવ હતો, પોતાની સફળ કૃતિનો આનંદ હતો, એના પ્રસન્ન હૃદયનું કાવ્ય હતું. એનું નામ તે સાચી કળા. કારીગરોને પકડી પકડીને, અને કામ જરાક બગડે તો કાંડું કાપવાની કે માથું ઊડાવવાની બીક બતાવીને તૈયાર કરાવેલી ચીજો તે કળા નથી. કારીગરો પણ આખરે માણસો જ હોય છે. તેમને પણ હૃદય હોય છે. તેમને પણ બાળબચ્ચાં હે ય છે. તેઓ પણ લાગણીને વશ હોય છે. કોમળ કે ઉદાત્ત લાગણીને વશ થઇ જઈ તેઓ પ્રસાદરૂપે આપે તે કળા.

સ૦—આજે સ્ત્રીઓને કેળવણી મળે છે તે તમે કહો છો તેવા આદર્શ તરફ લઇ જનાર નથી ત્યારે?

જ૦—મને એવો શક છે ખરો. કેળવણી કયો ઉદ્દેશ મનમાં રાખી અપાય છે ને લેવાય છે એ જ મુખ્ય સવાલ છે. આજની કેળવણી નવરું જીવન સુશોભિત કરવા માટે અનુકૂળ

ભલે હોય, સમૃદ્ધિનાં સાધનો મેળવવાની અને વાપરવાની શક્તિ ભલે આપતી હોય; પણ તે આપણા કરતાં કરોડી દશામાં રહેલા લોકોની સેવા કરવાની પ્રેરણા કે આવડત આપણને આપતી નથી, એટલે તે મારે મન વ્યર્થ છે, નિષ્ફળ છે. સેવાધર્મની દીક્ષા જે ન આપે તે કેળવણીમાં કૌવત જ નથી એમ મને લાગે છે. પણ એ સવાલ સ્વતંત્ર અને વ્યાપક છે. પ્રથમ દીક્ષા, પછી કેળવણી. ભણનાર અને ભણાવનારને માટે આ મુખ્ય સૂત્ર છે.

મુદ્રકઃ—સ્વામી આનંદ
નવજીવન મુદ્રણાલય—અમદાવાદ

પ્રકાશકઃ—કરસનદાસ જ. ચીતલીયા, સેક્રેટરી ભગિનીસમાજ
સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી બિલ્ડીંગ,
સૅન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબઇ.